# પ્રવેશાર્થીઓ માટેની સૂચના

- વિદ્યાર્થીએ એન.સી.ટી.ઈ.ના નિયમોનુસાર સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અને રીઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૫% ગુણ મેળવવા ફરજિયાત છે. સ્નાતક કક્ષાએ કે અનુસ્નાતક કક્ષાએ મેળવેલા ગુણને આધારે પ્રવેશ આપવામાં આવશે.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જુદા જુદા પ્રકારની જે બી.એડ્. કોલેજો આવેલી છે તેની વિગત નીચે મુજબ છે.

1) વી. બી.મણવર બી.એડ્. કોલેજ, ડુમીયાણી, તા.ઉપલેટા, જિ.રાજકોટ
   - આ કોલેજમાં માત્ર કૃષિ વિષયોમાં સ્નાતક થયેલ વિદ્યાર્થીઓ માટે જ બી.એડ્. કરવાની જોગવાઈ છે.
   - અન્ય વિષયના વિદ્યાર્થીઓ જો તેમનો વિષય આ કોલેજમાં ચાલતો હોય તો અન્ય બી.એડ્. કોલેજની માફક પ્રવેશ મેળવી શકે.
2) www.sauedu.in વેબસાઈટ ઉપર અન્ય સેલ્ફફાઈનાન્સ કોલેજોના નામ, તેમાં ચાલતા વિષયો, તેના સરનામા, હોસ્ટેલ સુવિધા તેમજ ફીની વિગત મૂકવામાં આવેલ છે.
3) વિદ્યાર્થીએ કોઈપણ પ્રકારની સ્પષ્ટતા માટે હેલ્પલાઈન નં. 9998800039 પર સંપર્ક કરવાનો રહેશે.
4) આ પ્રવેશ ફોર્મમાં કોલેજ પસંદગી ક્રમ આપતી વખતે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં લેવી.
   1. પસંદગીની કોલેજમાં પોતાનો વિષય શીખવવામાં આવે છે કે નહિ તેની બરાબર ચકાસણી કરી લેવી.
   2. કોલેજોની યાદીમાં અમુક કોલેજો માત્ર ભાઈઓ અને અમુક કોલેજો માત્ર બહેનોની છે. તો તેની વિગત પણ ચકાસી લેવી.
   3. વિધાર્થી પોતાની પસંદગી મુજબ તમામ કોલેજને પસંદગી ક્રમ આપી શકે છે.
5) વિધાર્થીએ પસંદ કરેલ કોલેજ ક્રમ મુજબ, મેરીટના આધારે અને વર્તમાન અનામતના નિયમ અનુસાર પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રવેશ મેરીટના આધારે પસંદગી ક્રમ મુજબ જે કોલેજમાં પ્રવેશ મળતો હશે તેમાં ફરજિયાતપણે લેવાનો રહેશે અન્યથા પ્રવેશ મેળવવા માંગતા નથી એમ માની લેવામાં આવશે. ત્યાર પછીની પ્રવેશ પ્રક્રિયામાં તેઓ ભાગ લઈ શકશે નહિ. પ્રથમ રાઉન્ડ બાદની પ્રવેશ કાર્યવાહીની વિગતો અને સૂચના www.sauedu.in વેબસાઈટ ઉપર મુકવામાં આવશે માટે વિધાર્થીઓએ પ્રવેશની કાર્યવાહી વખતે શકય હોય ત્યાં સુધી દરરોજ વેબસાઈટ ઉપરની સૂચના ચકાસતા રહેવી.

## Online ફોર્મની સાથે અપલોડ કરવાના ડોકયુમેન્ટની યાદી.

1. વિદ્યાર્થીએ પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવો.
2. શાળા છોડયાનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.
3. વિદ્યાર્થીએ ટી.વાય./સેમ-૫ અને સેમ-૬ (અન્ય કોર્સ માટે છેલ્લા - ૨ સેમ) ની માર્કશીટ અપલોડ કરવાની રહેશે.
4. Caste / Category લાગુ પડતી હોય તો તેનું પ્રમાણપત્ર અવશ્ય જોડવું.
5. SEBC કેટેગરીમાં આવતા વિધાર્થીઓએ વર્ષ : ૨૦૨૨-૨૩માટે માન્ય હોય તેવું ક્રિમીલેયરનું પ્રમાણપત્ર જોડાવનું રહેશે.

# બી.એડ્. પ્રવેશ માટે માર્ગદર્શક સૂચના

### ખાસનોંધ :

1. માર્ગદર્શક સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરો.
2. વિદ્યાર્થીએ પ્રવેશના રાઉન્ડ બાદ કોલેજ લઈ જવાના પત્રકોની યાદી :
   - A. ડાઉનલોડ કરેલ એડમીશન મેમો.
   - B. સ્નાતક કક્ષા સુધીના તમામ ઓરીજીનલ ગુણપત્રક અને તેની દરેકની એક–એક ઝેરોક્ષ નકલ.
   - C. અનામત કેટેગરી અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદવારોએ જે તે કેટેગરીના ઓરીજીનલ પ્રમાણપત્રો તથા દરેકની એક –એક ઝેરોક્ષ કોપી સાથે લાવવાની રહેશે અન્યથા તેમને અનામત / કેટેગરીનો લાભ મળી શકશે નહિ.
   - D. SEBC કેટેગરી આવતા ઉમેદવારોએ વર્ષ : ૨૦૨૨-૨૩ માટેનું માન્ય હોય તેવું ક્રિમીલેયર સર્ટિફિકેટ પ્રવેશ સમયે રજૂ કરવાનું રહેશે. અન્યથા તેમને SEBC કેટેગરીનો લાભ મળી શકશે નહિ અને લીધેલો પ્રવેશ રદ થશે.
   - E. આધારકાર્ડની નકલ લઈ જવી ફરજીયાત છે.

---

1) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણની કોલેજોમાં B.Ed. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે સંબંધિત વિષયમાં સ્નાતક હોવું જરૂરી છે.
2) NCTE ના નિયમ પ્રમાણે SC, ST, SEBC કેટેગરી સિવાયના વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાએ અથવા તે જ વિષયના અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ 50 ટકા (૪૯.૫૦% થી ૫૦% વચ્ચેના)ગુણ ધરાવતા હશે તો જ પ્રવેશ માટે પાત્રતા ધરાવશે, (SC, ST, SEBC કેટેગરીવાળા વિદ્યાર્થીઓને ૫ ટકા છૂટ મળશે, તે માટે તેમણે પ્રવેશ સમયે તેમના પુરાવાઓ રજૂ કરવાના રહેશે.)
3) વિક્લાંગ ધારા મુજબ PH/VH કેટેગરીની ૩% બેઠકો અને Ex. Service Man ૧% બેઠક અનામત રાખવામાં આવશે.

4) જો સ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અથવા અનામત કેટેગરી માટે ૪૫% ની પૂર્તતા થતી ન હોય તો અનુસ્નાતક કક્ષાએ ૫૦% અથવા અનામત કેટેગરીના વિધાર્થીઓ માટે અનુસ્નાતક કક્ષાએ ૪૫% જરૂરી ગણાશે.
5) અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોની પ્રવેશ કાર્યવાહી એક સાથે મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા જ થશે. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે પણ online ફોર્મ ભરવું ફરજિયાત છે.
6) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ચાલતો અભ્યાસક્રમ External ન હોવાથી પૂછપરછ કરવી નહિ.
7) બીજી કોઈ પણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ હશે અને તેનું રિજલ્ટ આવેલ નહિ હોય તો પ્રવેશ કાર્યવાહી થોભવામાં આવશે નહિ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ લીધેલ નિર્ણય બાદ જાહેર થયેલ કોઈ પણ રિજલ્ટને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
8) મેરીટ જાહેર થયા બાદ બીજી કોઈ પણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મેરીટમાં સમાવેશ કરવામાં આવશે નહિ.
9) બી.એડ્.મધ્યસ્થ પ્રવેશ સમિતિનાં કાર્યાલયનું સરનામું નીચે મુજબ છે.

કો-ઓર્ડિનેટર,
બી.એડ.પ્રવેશ (SUCAB),
આંકડાશાસ્ત્ર ભવન, બી.એડ.પ્રવેશ કાર્યાલય,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

10) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિઅંગેનું તેમજ 'ઉન્નતવર્ગ'ની વ્યક્તિજૂથમાં સમાવેશ થતો નથી, તે માટે નીચે દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા એપ્રિલ, ૨૦૨૨ અથવા ત્યારબાદ પ્રમાણિત થયેલો નિયત દાખલો જ અચૂક સાથે જ અપલોડ કરવાનું રહેશે. (૧) જિલ્લા મૅજિસ્ટ્રેટ (૨) અધિક જિલ્લા મૅજિસ્ટ્રેટ (૩) ડેપ્યુટી કમિશનર (૪) અધિક ડેપ્યુટી કમિશનર (૫)કલેકટર (૬) નાયબ કલેકટર (૭) મામલતદાર તથા સરકારશ્રી દ્વારા નિમેલા સક્ષમ અધિકારી.
11) અનામતના તમામ નિયમો પ્રવેશ જાહેરાતના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.
12) બહારની યુનિવર્સિટીના ઉમેદવારે પ્રવેશ મળ્યેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.
13) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતક પાસ થયા હોય પણ અનુસ્નાતક અભ્યાસ માટે અન્ય યુનિવર્સિટીમાં દાખલ થયા હોય તેમણે પણ પ્રવેશ મળ્યેથી પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ કઢાવવાનું રહેશે.
14) વિદ્યાર્થી માટે જે તે કોલેજના શિસ્તના નિયમો બંધનકર્તા રહેશે.
15) ભવિષ્યમાં પ્રવેશ સંબંધી કોઈપણ પૂછપરછ માટે યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે.
16) BCA / B.Sc.(IT) અને BE Computer / BE IT ના વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર વિષયમાં તથા BBA થયેલા વિદ્યાર્થીઓ કોમર્સ વિષયમાં પ્રવેશ માટે લાયક ગણાશે.
17) વિધાર્થીઓનું મેરીટ લીસ્ટસ્ના તક કક્ષાએ મેળવેલા ગુણને આધારે જાહેર કરવામાં આવશે.
18) સ્નાતક / અનુસ્નાતક કક્ષાએ (Non CBCS) First Attempt થી પાસ થયેલને જ પ્રવેશ મળી શકશે.

# બી.એડ્. પ્રવેશના નિયમો... ૨૦૨૨-૨૩

1. અનામત જૂથોની પ્રવેશ અંગે ની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના નિયમો મુજબ આ પ્રમાણે છે :

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | (7%) | |
| ST | (15%) | |
| SEBC | (27%) | |
| EWS | (10%) | (આર્થિક રીતે નબળા વર્ગો માટે) |
| PH / VH | (3%) | (વિકલાંગ ધારા મુજબ) |
| OUG | (7%) | |
| OU | (2%) | |
| EXS | (1%) | |
| KM | | (માત્ર એક બેઠક કાશ્મીર માઈગ્રન્ટ માટે) |

2. એન.સી.ટી.ઈ.ના નિયમોનુસાર સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અને રીઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૫% ગુણ મેળવવા ફરજિયાત છે.
3. પ્રવેશ સંપૂર્ણપણે મેરીટના ધોરણે અપાશે, પરંતુ મહિલા કોલેજમાં પુરુષ ઉમેદવાર તેમજ પુરુષ કૉલેજમાં મહિલા ઉમેદવાર પ્રવેશ પાત્ર નથી.
4. સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફીનું ધોરણ સરકારશ્રી અને સરકારશ્રી દ્વારા નિયુક્ત ફી નિર્ધારણ સમિતિ જે નક્કી કરે તેને આધિન રહેશે, જે પ્રવેશ પાત્રને બંધનકર્તા રહેશે.
5. મેરિટ લિસ્ટ માટે પ્રવેશ ગુણાંકની ગણતરી આ પ્રમાણે થશે.
   A. ટી.વાય./સેમ-૫ અને સેમ-૬/અન્ય કોર્સ માટે છેલ્લા 2 સેમેસ્ટરના યુનિવર્સિટી એ લીધેલા લેખિત પરીક્ષાના બાહ્ય માર્કસના આધારે મેરીટ બનશે.
   B. જો પ્રવેશ ગુણાંક સરખા હશે તો નીચે મુજબના ક્રમ પ્રમાણે ક્રમશઃ કાર્યવાહી કરીને અગ્રતા ક્રમ નક્કી કરવામાં આવશે.
      - ✓ FY,SY,TY/ સેમ-૧ થી સેમ-૬/ સેમ-૮ સુધીના ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.
      - ✓ જે વિદ્યાર્થીએ તાજેતરમાં પાસ કરેલ હશે તો અગ્રીમ સ્થાન અપાશે.
6. પ્રવેશ ગુણાંક, વિષયની પસંદગી, બેઠક ફાળવણી, કૉલેજ પસંદગી વગેરેનું અર્થઘટન કરવામાં બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
7. પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશેતો પ્રવેશ રદ કરવાનો અધિકાર પ્રવેશ સમિતિનો રહેશે.
8. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે પણ Online ફોર્મ ભરવું ફરજિયાત છે.
9. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રવર્તમાન કોલેજો કરતાં કોલેજની સંખ્યા વધે કે પ્રવેશ અપાયા પછી પ્રવેશ રદ કરવામાં આવે કે અન્ય કોઈ રીતે જગ્યા ખાલી પડે તો રીશફલીંગ કરવામાં આવશે નહી.

10. કોઈપણ યુનિવર્સિટી દ્વારા સજા પામેલ ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે નહીં, શરત ચૂકથી પ્રવેશ મેળવેલ/ અપાયેલ આવા વિદ્યાર્થીનો પ્રવેશ જાણ થતાની સાથે જ રદ થશે. ઉપરાંત વિદ્યાર્થી અથવા પ્રવેશ સમિતિની ભૂલને કારણે અપાયેલ પ્રવેશ ભુલની જાણ થતા જ પ્રવેશ રદ કરાશે. વિદ્યાર્થીને પ્રવેશ સમિતી દ્વારા આપેલ પ્રવેશમાં જો વિદ્યાર્થી સ્નાતક કક્ષા અથવા અનુસ્નાતક કક્ષાએ ૪૯.૫% અને રિઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૪.૫% ગુણથી ઓછા ગુણ હશે તો પ્રવેશ રદ ગણાશે.
11. વિદ્યાર્થી એ જે બી.એડ. કોલેજમાં પ્રવેશ લીધા પછી એનલીસ્ટમેન્ટ કરાવ્યું હશે તે જ કોલેજમાં તમામ ચાર સેમેસ્ટર પૂરા કરવાનાં રહેશે. અભ્યાસક્રમનાં વચ્ચેના સેમેસ્ટરથી અન્ય કોલેજમાં ટ્રાન્સફર થઈ શકશે નહી.

**Annexure-1 / પરિશિષ્ટ- ૧**

| Code/ કોડ | Graduation University / સ્નાતક યુનિવર્સિટી |
|---|---|
| 01 | SU / (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) |
| 02 | OUG / (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટી) |
| 03 | OU / (ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી) |

**Annexure-2 / પરિશિષ્ટ- ૨**

**Annexure-3 / પરિશિષ્ટ- 3**

| Code / કોડ | Caste Category / જાતિ | Code/ કોડ | Sub Category / |
|---|---|---|---|
| 01 | SC / (અનુસૂચિત જાતિ) | 01 | PH / (અંધ સિવાયના વિકલાંગ) |
| 02 | ST / (અનુસૂચિત જનજાતિ) | 02 | EXS / (એક્સ સર્વિસ મેન) |
| 03 | SEBC / (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત) | 03 | KM / (કાશ્મીર માઈગ્રન્ટ) |
| 04 | EWS / (આર્થિક રીતે નબળા વર્ગો માટે) | 04 | VH / (ફક્ત અંધ) |
| 05 | GENERAL | | |

## Annexure-4 / પરિશિષ્ટ- ૪

| સ્નાતકના કોર્સ અને વિષય | બી.એડ્. વિષય | વિષય કોડ |
|---|---|---|
| બી.એ. ગુજરાતી | ગુજરાતી | GUJ |
| બી.એ. હિન્દી, સિંધી, ઉર્દુ, પર્શીયન, ફારસી | હિન્દી | HIN |
| બી.એ. સંસ્કૃત, અર્ધમાગધી, પાલી | સંસ્કૃત | SAN |
| બી.એ. અંગ્રેજી / યુરોપીયન ભાષા | અંગ્રેજી | ENG |
| બીએસ.સી. ગણિત અને આંકડાશાસ્ત્ર, બેચલર ઓફ એન્જીનીરીંગ | ગણિત | MATH |
| બીએસ.સી. ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, બોટની, માઈક્રોબાયોલોજી, હોમસાયન્સ, બેચલર ઓફ ફાર્મસી, બેચલર ઓફ મેડીકલ, બેચલર ઓફ હોમીયોપેથીક | વિજ્ઞાન | SCI |
| બી.એ. અર્થશાસ્ત્ર | અર્થશાસ્ત્ર | ECO |
| બી.એ. ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ | ઈતિહાસ | HIS |
| બી.કોમ., બી.બી.એ. | નામનાં મૂળતત્વો | ACC |
| બી.એ. ભૂગોળ, ફિલોસોફી, સમાજશાસ્ત્ર, બી.એ. હોમસાયન્સ અને મનોવિજ્ઞાન | ભૂગોળ | GEO |
| બી.સી.એ., બી.એસ.સી. આઈ.ટી.,બી.ઈ.કોમ્પ્યુટર, બી.ઈ.આઈ.ટી. તેમજ અન્ય સ્નાતક કોમ્પ્યુટર સાઈન્સ મુખ્ય વિષય સાથે | કોમ્પ્યુટર | COM |